અપીલ અરજી નં.૧૭ તા.૧૫–૪–૦૯

અરજદાર: શ્રી અજય રામદાસ જાદવ
સામાવાળા: ડાયરેકટર ઓફ પ્લાનીંગ અને જાહેર માહિતી અધિકારી, શહેર વિકાસ વિ.

## *ફરીયાદની હકીકત:–*

***વિષય :–***આરટીઆઈ એકટ હેઠળ શ્રી અજય રામદાસ જાધવ આઈ ડી.નં.૨૭૯ તા.૨૪–૨–૦૯ ની અરજીથી બિન અધિકૃત બાંધકામ પ્રોત્સાહન આપનાર અધિકાર સામે મુંબઈ કાયદા અધિનિયમ મુજબ સુરત મ્યુનીસીપલ કઈ કાર્યવાહી કરે છે? સદર બાબતે મેળાપીપણું, ભ્રષ્ટાચાર, મિલ્કતની તપાસ અને લાંચ રુશ્વત ખાતાને જાણ કરવામાં આવે છે કેમ? નિયમ શું છે? સરકારી નોકરીમાં બિન જવાબદારી કે મેળાપીપણું હોય તો રાજય વીજીલન્સને જાણ કરવામાં આવે છે કેમ? બિન અધિકૃત બાંધકામ બાબતે અધિકારીનું મેળાપીપણું કે સરકારી નિયમ વિરુધ્ધ ગુનાહિત કૃત્યો હોય તો ક્રાઈમ બ્રાન્ચને તપાસ આપવામાં આવશે કેમ? વિ. મુદ્દા નં.૧ થી ૧૧ ની માહિતી આપવા બાબત.

***સંદર્ભ :–*** અરજદાર મજકુરની તા.૧૫–૪–'૦૯ ની અપીલ અરજી નં.૧૭/૨૦૦૯–૧૦

શ્રી અજય રામદાસ જાધવ આઈ ડી.નં.૨૭૯ તા.૨૪–૨–૦૯ ની અરજીથી બિન અધિકૃત બાંધકામ પ્રોત્સાહન આપનાર અધિકાર સામે મુંબઈ કાયદા અધિનિયમ મુજબ સુરત મ્યુનીસીપલ કઈ કાર્યવાહી કરે છે? સદર બાબતે મેળાપીપણું, ભ્રષ્ટાચાર, મિલ્કતની તપાસ અને લાંચ રુશ્વત ખાતાને જાણ કરવામાં આવે છે કેમ? નિયમ શું છે? સરકારી નોકરીમાં બિન જવાબદારી કે મેળાપીપણું હોય તો રાજય વીજીલન્સને જાણ કરવામાં આવે છે કેમ? બિન અધિકૃત બાંધકામ બાબતે અધિકારીનું મેળાપીપણું કે સરકારી નિયમ વિરુધ્ધ ગુનાહિત કૃત્યો હોય તો ક્રાઈમ બ્રાન્ચને તપાસ આપવામાં આવશે કેમ? વિ. મુદ્દા નં.૧ થી ૧૧ ની માહિતી આપવા બાબતે પત્ર નં.ટીડીઓ/૫૦૫૨ તા.૧૯–૩–૦૯ થી મુદ્દા નં.૧,૨,૩, અને ૧૧ બાબતે મળેલ જવાબ યોગ્ય નથી તેવું જણાવી મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૧૫–૪–૦૯ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, કે તબદીલની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા અને ઈન્કાર હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૮૮તા.૨૪–૪–૦૯થી ડાયરેકટર ઓફ પ્લાનીંગ અને જાહેર માહિતી અધિકારી, શહેરવિકાસ વિભાગ તથા અરજદારને મુળ અરજીની નકલ તથા અરજી ફી ભર્યાની પહોંચ રજુ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી અત્રેના વિભાગને કોઈ પૂરક માહિતી પુરી પાડવામાં આવેલ નથી. તેમજ અરજદાર તરફથી પણ કોઈ વિગત રજુ કરેલ નથી. પરંતુ અરજદારે અરજી સાથે મળેલ માહિતી પત્રની નકલ રજૂ કરેલ છેજયારે જાહેર માહિતી અધિકારી કક્ષાએથી અરજદારને પાઠવેલ પત્રની નકલ ઉપલબ્ધ થયેલ છે.

અરજદારની મુળ અરજીથી બિન અધિકૃત બાંધકામ પ્રોત્સાહન આપનાર અધિકાર સામે મુંબઈ કાયદા અધિનિયમ મુજબ સુરત મ્યુનીસીપલ કઈ કાર્યવાહી કરે છે, સદર બાબતે મેળાપીપણું, ભ્રષ્ટાચાર, મિલ્કતની તપાસ અને લાંચ રુશ્વત ખાતાને જાણ કરવામાં આવે છે કેમ? નિયમ શું છે? સરકારી નોકરીમાં બિન જવાબદારી કે મેળાપીપણું હોય તો રાજય વીજીલન્સ જાણ કરવામાં આવે છે કેમ? બિન અધિકૃત બાંધકામ બાબતે અધિકારીનું મેળાપીપણું કે સરકાર નિયમ વિરુધ્ધ ગુનાહિત કૃત્યો હોય તો ક્રાઈમ બ્રાન્ચને તપાસ આપવામાં આવે છે કેમ? વિ. મુદ્દા નં.૧ થી ૧૧ની માહિતી માંગેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી મધ્યસ્થ શહેર વિકાસ ના પત્ર નં.ટીડીઓ/૫૦૫૨ તા.૧૯–૩–૦૯ થી મુદ્દા નં.૧ થી ૩ અને૧૧ ની માહિતી આપેલ હોવાનું જણાય છે. જેમાં મુદ્દા નં.૧ માં બિન અધિકૃત બાંધકામ પ્રોત્સાહન આપનાર અધિકારી સામે જે તે કેસના ગુણદોષને ધ્યાને લઈ, ધી બી.પી.એમ.સી. એકટ અન્વયેની કાર્યવાહી કરવા મ્યુનિ.કમિશ્નરશ્રી તરફથી નિર્ણય કરવામાં આવે છે. એવો સરખો જવાબ મુદ્દા નં.૨,૩,૧૧ માટે પણ આપેલ છે. અરજદાર પાસે મુળ અરજી તથા ફી ભર્યા અંગેની પહોંચ રજુ કરવા જણાવેલ જે રજુ કરવામાં આવેલ નથી.પરંતુ જાહેર માહિતી અધિકારી કક્ષાએથી મળેલ નિકાલની વિગતોમાં તા.૨૪–૨–૦૯ ના રોજ ફી ભરપાઈ થયાનું જણાવવામાં આવેલ છે. મુદ્દા નં.૨ તથા ૩ થી અનુક્રમે અરજદારે બિન અધિકૃત બાંધકામના મેળાપીપણામાં મિલ્કત તપાસીજવા લાંચ રુશ્વત ખાતાને જાણ કરવામાં આવે છે કે કેમ? નિયમ શું છે? તથા રાજય વીજીલન્સને જાણ કરવામાં આવશે કે કેમ? તથા નં.૧૧ થી આવા કિસ્સામાં ગુનાહિત કૃત્ય હોય તો ક્રાઈમ બ્રાન્ચને તપાસ આપવમાં આવે છે કે કેમ? તેની માહિતી માંગેલ છે. જે પૈકી મુદ્દા નં.૩ તથા ૧૧ અંગે કોઈ ચોકકસ કેસની વિગત આપ્યા વિના આવશે કે કેમ? તેવી માહિતી માંગેલ છે. જે વાસ્તવલક્ષી જણાતી નથી. જયારે મુદ્દા નં.૨ અમલી નિયમ જોગવાઈના સંદર્ભમાં માંગેલ માહિતી કલમ–૪(૧) (બી) હેઠળ સ્વયં જાહેર કરવા યોગ્ય કક્ષામાં પણ આવે. જે માહિતી સ્પષ્ટ રીતે અપાયેલ જણાતી નથી. મુદ્દા નં.૧ અંગે જાહેર માહિતી અધિકારીએ આપેલી માહિતી પુરા વિવરણ સાથે શિક્ષાત્મક પ્રક્રિયા અને જોગવાઈ સબંધી આપેલ નથી.

પાછળ

## હુકમ

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારે માંગેલ માહિતી પૈકી અપીલના તબકકે ઉપલબ્ધ કરેલ વિવાદિત મુદ્દા પૈકી મુદ્દા નં.૩ અને ૧૧ બાબતે કાયદાની કલમ–૨ (એફ) અને ૨ (જે) ઉપલબ્ધ દફતરે માહિતી આપવાની જોગવાઈ ધ્યાને લેતાં અરજદારના અપીલના ઉકત મુદ્દા ગ્રાહય રાખવામાં આવતા નથી. જયારે મુદ્દા નં.૧ અને મુદ્દા નં.૨ અંગે ફરીયાદની હકીકતમાં નિર્દિષ્ટ વિવરણ ધ્યાને લઈ નહીં પૂરી પડાયેલ સદર બે મુદ્દાની માહિતી કાયદાની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે અત્રેની જાણ હેઠળ અરજદારને પૂરી પાડવા ડાયરેકટર ઓફ પ્લાનીંગ અને જાહેર માહિતી અધિકારી, (શહેર વિકાસ વિભાગ)ને જણાવવામાં આવે છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૫ –૦૯.

ડે.*કમિશ્નર(જનરલ),*
*અને એપેલેટ ઓફિસર*
*સુરત મહાનગર પાલિકા*

***પ્રતિ***

(૧) ડાયરેકટર ઓફ પ્લાનીંગ અને જાહેર માહિતી અધિકારી,મધ્યસ્થ શહેર વિકાસ ..... જાણ તથા અમલ માટે
(૨) શ્રી અજય રામદાસ જાદવ ૧૨, પશુપતીનાથ સોસાયટી , નાના વરાછા, સુરત.. તેઓની અપીલ અરજી અંગે ઉપરની વિગતે હુકમ ધ્વારા કરવામાં આવેલ નિકાલ સબબ જાણ સારું.